# એસ. વી. પ્રિસ્કૂલમાં યોજાયો વાર્ષિકોત્સવ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રિસ્કૂલમાં શાળાનો પ્રથમ ધમાકેદાર વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરી, પુલવામા શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યાપ્રબાદ બાળકોએ 'ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો' થીમ આધારિત પ્રાર્થના, વિવિધ નૃત્યો, ભારતીય મૂલ્યોને ઉજાગર કરતાં બેનર્સ લઈને ફેશન શો રજૂ કરી ઉપસ્થિત તમામનાં મન મોહી લીધાં હતા. કાર્યક્રમમાં મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ સી.પટેલ તથા કેમ્પસની વિવિધ શાળાઓના આચાર્યોએ ઉપસ્થિત રહી બાળકો અને શાળા પરિવારનો ઉત્સાહ વધાર્યો હતો.

## ભવન્સના જે એ ઑડિટોરિયમ ખાતે આજે "બજાબા ગાણા ફટાણાં સંધ્યા"

ગાંધીનગર, તા. ૧


ભારતીય વિદ્યા ભવન, અમદાવાદનું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સૅન્ટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુથી કરે છે.

ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલા તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન "બજાબા ગાણા ફટાણાં સંધ્યા" શીર્ષક સાથે કરવામાં આવ્યું છે. જેમાં વિસરાતી વિરાસતની અદભુત ઝાંખી કરાવતા આ અવસરમાં ગાણા અને ફટાણાંને મૂળ લય ઢાળ સાથે રજુ કરાશે. આ કાર્યક્રમનું લેખન, સંચાલન અને સંગીત ડૉ. બલભદ્રસિંહ રાઠોડ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, કાર્યક્રમનું નિર્માણ રમેશ કરોલકર અને ગુલાબસિંહ પઢીયારે કર્યું છે.

તારીખ બીજા માર્ચ ને શનિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે ભવન્સ જે. એ. હોલમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ જાહેર જનતા માટે નિશુલ્ક રાખવામાં આવ્યો છે.

## જન્મદિને વધામણી



**પ્રવીણભાઈ બી પટેલ**
**મો. ૯૮૨૪૩ ૧૪૪૬૬**



**વીણા વોરા**
**નિવૃત્ત શિક્ષક**
**લાયોનેસ બોર્ડ મેમ્બર**



**ગ્રીષ્મા એન ત્રિવેદી**
**લાયોનેસ ક્લબ**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે વિદ્યાર્થી શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧

સરગાસણના ટીપી નં. ૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં દઓરમ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટેનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો.

૭ માર્ચથી શરૂ થતી બોર્ડની પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવવા, વિદ્યાર્થીઓનાં મનમાં રહેલ પરીક્ષાનો ડર દૂર કરવા, પરીક્ષા એ જીવનનો અંતિમ પડાવ નહીં, પણ શાળાકીય શિક્ષણનો એક માપદંડ છે એ બાબત સમજાવી વિદ્યાર્થીઓના માનસપટ પર હકારાત્મક ઊર્જા પ્રતિપાદિત કરવાના શુભ આશય સાથે શાળા મેનેજમેન્ટે શુક્રવારે જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનારા તમામ વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્યો રજૂ કર્યાં હતાં. તેમણે વર્ષ દરમિયાનના પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ દિવસને વધુ યાદગાર બનાવવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક રમતોત્સવમાં ધો. ૯થી ૧૨ના વિજેતા વિદ્યાર્થીઓને મૅડલ્સ અને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



વૈજ્ઞાનિક ડૉ. સી વી રામનની 'રામન ઈફેક્ટ'ની શોધે વિજ્ઞાન જગતમાં અનેક વિવિધ અન્ય શોધના દ્વાર ખોલી આપ્યાં હતાં. તેમની આ શોધ બદલ ૨૮ ફેબ્રુઆરીને દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૫થી ૯ના વિદ્યાર્થીઓ દ્વારા અનેકવિધ પ્રયોગોનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરા અને રાજેન્દ્રભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને આ ઉપયોગિ પ્રદર્શન બદલ બિરદાવવામાં આવ્યા હતા.

# બી.બી.એ કૉલેજ દ્વારા સામાજિક જવાબદારી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઑફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૪૦ વિદ્યાર્થીઓ એક સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. યુવા વિદ્યાર્થી દ્વારા પોતાના હાથખર્ચમાંથી રૂપિયા બચાવીને સ્વફાળામાંથી અંધશાળામાં અભ્યાસઉપયોગી ચીજ વસ્તુઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ખાદ્યચીજોનું વિતરણ કર્યું હતું. અંધશાળાના કુલ ૪૫ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ કરી તેમને પ્રફુલિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ અલ્પાહાર કરાવ્યો હતો તેમજ તેમના માટે એક સુંદર સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમની પ્રેરણા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું. અંધશાળાના ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવા, પ્રો.પ્રીતેશ સોલંકી, પ્રો. જાનકી દવે દ્વારા કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.



# ખિલાફતનો પ્રશ્ન

ખેડાનું પ્રકરણ ચાલતું હતું તે વખતે યુરોપનું મહાયુદ્દ પણ ચાલતું જ હતું. તેને અંગે વાઈસરોયે દિલ્હીમાં આગેવાનોને નોતર્યા હતા. તેમાં હાજર રહેવાનો મને આગ્રહ કર્યો હતો. લોર્ડ ચેમ્સફર્ડની સાથે મારો મૈત્રીનો સંબંધ હતો એ હું જણાવી ગયો છું.

મેં આમંત્રણ કબૂલ રાખ્યું ને હું દિલ્હી ગયો. પણ આ સભામાં ભાગ લેવામાં મને એક સંકોચ તો હતો જ. મુખ્ય કારણ તો એ કે તેમાં અલીભાઈઓ, લોકમાન્ય અને બીજા નેતાઓને નોતરવામાં આવ્યા નહોતા. તે વેળા અલીભાઈઓ જેલમાં હતા. તેમને હું એકબે વાર જ મળ્યો હતો. તેમને વિષે ઘણું સાંભળ્યું હતું. તેમની સેવાવૃતિ અને તેમની બહાદુરીની સ્તુતિ સહુ કરતા હતા. હકીમસાહેબના પ્રસંગમાં પણ હું નહોતો આવ્યો. તેમનાં વખાણ સ્વ. આચાર્ય રુદ્ર અને દીનબંધુ એન્ડ્રુઝને મોઢેથી બહુ સાંભળ્યાં હતાં. કલકત્તાની મુસ્લિમ લીગની બેઠક વખતે શ્વેબ કુરેશી અને બારિસ્ટર ખ્વાજાની મુલાકાત કરી હતી. દા. અનસારી તથા દા. અબદુર રહેમાનની સાથે પણ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. સારા મુસલમાનોની સોબત હું શોધતો હતો, ને જે પવિત્ર અને દેશભક્ત ગણાય તેમના સંબંધમાં આવી તેમની લાગણી જાણવાની મને તીવ્ર ઈચ્છા હતી. તેથી મને તેઓ તેમના સમાજમાં જ્યાં લઈ જાય ત્યાં કંઈ ખેંચતાણ કરાવ્યા વિના જતો.




હિંદુમુસલમાન વચ્ચે ખરી મિત્રાચારી નથી એ તો હું દક્ષિણ આફ્રિકામાં જ સમજી ગયો હતો. બંને વચ્ચેની ખટાશ મટે તેવો એક પણ ઉપાય હું ત્યાં જતો ન કરતો. ખોટી ખુશામત કરી કે સ્વત્વ ગુમાવી તેમને કે કોઈને રીઝવવા એ મારા સ્વભાવમાં નહોતું. પણ ત્યાંથી જ હું સમજતો આવ્યો હતો કે, મારી અહિંસાની કસોટી ને તેનો વિશાળ પ્રયોગ આ ઐક્યને અંગે થવાનાં છે. હજુ પણ મારો એ અભિપ્રાય કાયમ છે. મારી કસોટી ઈશ્વર પ્રતિક્ષણ કરી રહેલ છે. મારો પ્રયોગ ચાલુ જ છે.

આવા વિચારો લઈને હું મુંબઈ બંદરે ઊતર્યો હતો, એટલે મને મજકૂર ભાઈઓનો મેળાપ ગમ્યો. અમારો સ્નેહ વધતો ગયો. અમારી ઓળખાણ થયા પછી તુરત અલીભાઈઓને તો સરકારે જીવતા દફન કર્યા હતા. મૌલાના મહમદાલીને રજા મળતી ત્યારે એ મને લાંબા કાગળ બેતુલ જેલથી કે છિંદવાડાથી લખતા. તેમને મળવા જવાની મેં સરકાર પાસે માગણી કરેલી તે ન મળી શકી.

અલીભાઈઓને જપ્ત કર્યા પછી કલકત્તા મુસ્લિમ લીગની સભામાં મને મુસલમાન ભાઈઓ લઈ ગયા હતા. ત્યાં મને બોલવાનું કહેલું. હું બોલ્યો. અલીભાઈઓને છોડાવવાનો મુસલમાનોનો ધર્મ સમજાવ્યો.

આ પછી તેઓ મને અલીગઢ કોલેજમાં પણ લઈ ગયા હતા. ત્યાં મેં દેશને સારુ ફકીરી લેવા મુસલમાનોને નોતર્યા.



અલીભાઈઓને છોડાવવાને સારુ મેં સરકારની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેને અંગે એ ભાઈઓની ખિલાફત વિષેની પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો. મુસલમાનો જોડે ચર્ચા કરી. મને લાગ્યું કે, જો હું મુસલમાનોનો સાચો મિત્ર થવા માગું તો મારે અલીભાઈઓને છોડાવવામાં ને ખિલાફતનો પ્રશ્ન ન્યાયપુરઃસર ઉકેલાય તેમાં પૂરી મદદ દેવી જોઈએ. ખિલાફતનો પ્રશ્ન મારે સારુ સહેલો હતો. તેના સ્વતંત્ર ગુણદોષ મારે જોવાપણું નહોતું. મુસલમાનોની તેને વિષેની માગણી જો નીતિ વિરુદ્દ ન હોય તો મારે મદદ દેવી જોઈએ એમ મને લાગ્યું. ધર્મના પ્રશ્નમાં શ્રદ્ધા સર્વોપરી હોય છે. સૌની શ્રદ્ધા એક જ વસ્તુને વિષે એકસરખી હોય તો જગતમાં એક જ ધર્મ હોય. ખિલાફત વિષેની માગણી મને નીતિ વિરુદ્ધ ન જણાઈ, એટલું જ નએએં પણ, એ ક માગણીનો સ્વીકાર બ્રિટિશ પ્રધાન લૉઈડ જ્યૉર્જે કર્યો હતો, એટલે મારે તો તેમના વચનનું પાલન કરાવવા પૂરતો જ પ્રયત્ન કરવાનું રહ્યું હતું. વચન એવા સ્પષ્ટ શબ્દોમાં હતું કે મર્યાદિત ગુણદોષ તપાસવાનું કામ કેવળ મારા અંતરાત્માને પ્રસન્ન કરવા ખાતર કરવાનું હતું. (ક્રમશઃ)

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**

# પત્રકાર બનવા માટે શું કરવું જોઈએ ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/questions.careercorner પર...

**પ્રશ્ન-૧ : હું ધો.૧૨ આર્ટસમાં અભ્યાસ કરું છું. મારી ઈચ્છા પત્રકાર બનવાની છે. તો મારે આ માટે આગળ ઉપર શું ભણવું પડે ?**

**- નિતિન ગોસ્વામી, માણસા**



નિતિન,પત્રકાર બનવા માટે તમારે સૌ પ્રાથમ વાંચનમાં રુચિ વધારવી પડશે. આ ઉપરાંત રોજબરોજની ઘટનાઓ પ્રત્યે જાગૃત રહેવુ, લેખન કળા, કોઈ પણ ઘટના કે વિષયની તર્કબદ્ધ રજૂઆત વગેરે પ્રાથમિક બાબતો આવશ્યક છે. ટ્રાન્સલેશન, પ્રુફ રીડિંગ, ઈફેક્ટિવ લખાણ વગેરે બાબતો પણ મહત્ત્વની છે. આપ જો પત્રકારત્વ ક્ષેત્રે અભ્યાસ કરવા માંગતા હો તો ધો.૧૨ પછી બી.એ. પત્રકારત્વનો અભ્યાસક્રમ ગુજરાતમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા વલ્લભવિદ્યાનગર ખાતે થઈ શકે છે. જો ધો.૧૨ પછી સીધો જ પત્રકારત્વનો અભ્યાસ ન કરવો હોય તો સ્નાતક (ગ્રેજ્યુએટ) થયા પછી ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં તમે પત્રકારત્વ અને માસ કમ્યુનિકેશનનો અભ્યાસક્રમ ભણી શકો છો. સ્નાતક કક્ષાએ તમે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, જેવા ભાષાના વિષયો સાથે બી.એ.નો અભ્યાસક્રમ ભણશો તો પણ તમને થોડે ઘણે અંશે ઉપયોગી થઈ શકે છે. સ્નાતક પછી ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાંથી ઘેરબેઠા પણ પત્રકારત્વનો અભ્યાસક્રમ ભણી શકાય છે.આમ જો આપ પત્રકારત્વ ક્ષેત્ર માં આગળ વધવા માંગો છો તો આપે એ માટે ની તૈયારી અત્યાર થી ચાલુ કરી દેવી જોઈએ.જેમ કે આપે રોજ ના અમુક કલાક નું ગુણવત્તા ભર્યુ વાંચન કરવું અને બને શકે એટ્લે વધુ શબ્દો ઉપર પ્રભુત્વ જમાવવાની કોશીશ કરો.અને ખાસ શબ્દો ના ઉચ્ચારણ ઉપર પણ કામ કરવું.આમ પધ્ધતિસર ની મેહનત કરી આપ ચોક્કસ સફળતા પ્રાપ્ત કરી શકસો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો.શુભકામનાઓ.

**પ્રશ્ન-૨ : હું બી.એ માં અભ્યાસ કરું છું.પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનવા માટે મારે શું કરવું પડે ?**

**- ધારા પંડયા, ગાંધીનગર**



પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભરતી ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા કરવામાં આવે છે. જેમની લાયકાત અનુસાર કોઈપણ શાખામાં સ્નાતકની ડિગ્રી ધરાવતા હોય તેવા ૨૧થી ૩૫ વર્ષના ઉમેદવારો આ માટે અરજીપાત્ર હોય છે. સ્નાતક કક્ષાએ કોઈ ચોક્કસ ટકાવારી જરૂરી નથી. આ ઉપરાંત શારીરિક ધોરણમાં મહિલાઓ માટે લઘુત્તમ ૧૫૮ સે.મી.ઊંચાઈ જરૂરી છે. આપ બી.એ. પૂરું કર્યા પછી આ પ્રમાણે લાયકાત ધરાવતા હશો, તો જાહેરાત સમયે આપ ચોક્કસ અરજી કરી શકશો.આપની ઈચ્છા જો પોલીસ ખાતામાં જ નોકરી કરવાની હોય તો આપે અભ્યાસની સાથે અત્યારથી જ પરીક્ષા લક્ષી તૈયારી આરંભી દેવી જોઈએ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતી પ્રક્રિયામાં સૌપ્રથમ પ્રિલીમીનરી પરીક્ષા ત્યાર બાદ સફળ ઉમેદવારોની શારીરિક ક્ષમતા કસોટી અને ત્યારબાદ સફળ ઉમેદવારોની મુખ્ય પરીક્ષા લેવામાં આવે છે. પ્રિલીમીનરી પરીક્ષા સામાન્ય રીતે સામાન્યજ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન તેમજ મેન્ટલ એબિલિટીને લગતા પ્રશ્નો આવરી લેવામાં આવે છે. પ્રશ્નપત્ર ૧૦૦ માર્ક્સનું હોય છે. પ્રિલીમીનરી પરીક્ષા બાદ શારીરિક ક્ષમતા કસોટીમાં બહેનો માટે સામાન્ય રીતે ૧૬૦૦ મીટર દોડ હોય છે. જે ૯ મિનિટમાં અને ૩૦ સેકંડમાં પૂરી કરવાની હોય છે. શારીરિક ક્ષમતા કસોટી બાદ મુખ્ય પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાના બે પેપર, એક સામાન્ય જ્ઞાનનું પેપર અને એક કાયદાકીય બાબતોનું પેપર હોય છે. તમારે જો પી.એસ.આઈ. બનવું હોય તો અહીં જણાવેલ પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં લઈને લેખિત અને શારીરિક કસોટીની તૈયારી શરૂ કરી દેવી જોઈએ. બજારમાં ઉપરોક્ત જણાવેલ પરીક્ષાલક્ષી વિષયોનું સાહિત્ય આપણે બજારમાંથી મળી રહેશે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો.શુભકામનાઓ.

**પ્રશ્ન - ૩ : હું હાલમાં એમ.કોમનો અભ્યાસ કરું છું. મારે આર.આર.બી. ની પરીક્ષા આપવી છે. તેના વિષે માહિતી આપવા વિનંતી.**

**- રિદ્ધિ સહા, ગાંધીનગર**



આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો પરંતુ આર.આર.બી.ના બે અર્થ નીકળતા હોય છે. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજઓનલ રૂરલ બૅંક (ગ્રામીણ બૅંક). અમે તમને બંને વિષે થોડી માહિતી આપીશું. રેલ્વે માં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને આર.આર.બી આપવી પડે છે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયર પોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ 'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાં સ્થિત ૨૧ રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતી હોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણી વખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે.હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅંક એટ્લે કે ગ્રામીણ બૅંક ની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે – એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ , બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો.શુભકામનાઓ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ ઍડ્રેસ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner